Gujarat Midday Pg 18 2nd July 2022

# આઇસી15 ઇન્ડેક્સમાં ૬૪૨ પોઇન્ટની વૃદ્ધિ, પણ બિટકોઇન ૨૦,૦૦૦ ડોલરની સપાટી વટાવી ન શક્યો



બિટકૉઈનના રાહે શુક્રવારે ક્રિપ્ટો કરન્સી માર્કેટમાં સુધારો થયો હતો. જોકે, બિટકૉઈન ૨૦,૦૦૦ ડૉલરની સપાટી કૂદવામાં નિષ્ફળ ગયો હતો. ડિફૉલ્ટને લગતો ડર ઘટી જવાને લીધે તથા સંસ્થાકીય રોકાણકારોએ કરેલી ખરીદીને લીધે માર્કેટ થોડું વધ્યું હતું.

આંકડાઓના વિશ્લેષણ પરથી કહી શકાય કે સંસ્થાકીય રોકાણકારોએ વેચવાલી બંધ કરી લીધી છે. તેઓ સ્પૉટ બિટકૉઈનમાં મોટા પ્રમાણમાં ખરીદી કરી રહ્યા છે. આ સંજોગોમાં ક્રિપ્ટો એક્સચેન્જોમાં પાછલા ચોવીસ કલાકમાં કુલ 230 મિલ્યન ડૉલરનાં કુલ ઊભાં ઓળિયાંનું લિક્વિડેશન થયું છે. લિક્વિડેટ થયેલાં મોટા ભાગનાં ઓળિયાં શૉર્ટ હતાં.

અગાઉ, ક્રિપ્ટોવાયરે લૉન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રિપ્ટો ઈન્ડેક્સ - આઈસી15 શુક્રવારે બપોરે ચાર વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૨.૫૫ ટકા (૬૪૨ પૉઈન્ટ) વધીને ૨૫,૮૦૬ પૉઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૨૫,૧૬૫ ખૂલીને ૨૭,૪૬૧ સુધીની ઉપલી અને ૨૪,૭૦૫ પૉઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.